એ જીલ્લામાં મુખ્ય પાંચ તાલુકા (પરગણાં) છે તેનાં નામઃ—

(૧) ભરૂચ. (૨) અંકલેશ્વર. (૩) વાગરા. (૪) આમોદ. (૫) જંબુસર.

મુખ્ય નદીઓ—મહી, ઢાઢર, નર્મદા, કીમ, ઉમરાવતી.

મહી નદી-પૂર્વમાં માળવાના પાહાડમાંથી નીકળી પશ્ચિમે ખંભાતના અખાતને મળેછે. તેપર કાવી, સારોદ દેહગામ અને કારેલી વગેરે ગામ છે.

ઢાઢર નદી—પૂર્વમાં રેવાકાંઠાના નારૂકોટ ગામ આગળથી નીકળી પશ્ચિમે ખંભાતના અખાતને મળેછે. તેપર આમોદ, ગંધાર વગેરે ગામછે.

નર્મદા (રેવા)—પૂર્વમાં સાતપુડા પર્વતમાંથી નીકળી પશ્ચિમે ખંભાતના અખાતને મળેછે. તેપર સુકલતીર્થ, ઝડેશ્વર, તવરા, ભરૂચ, દીવા, માંડવા, ભાડભૂત, કડોદ, લખીગામ વગેરે મોટાં ગામછે. એ નદી ૮૦૪ મૈલ લાંબી છે.એને **રેવા** નદી પણ કહેછે.

કીમ નદી—પૂર્વે રાજપીપળાના પાહાડોમાંથી નીકળી પશ્ચિમે ખંભાતના અખાતને મળેછે તેપર ઓભા અને ઈલાવ મુખ્ય ગામ છે.

ઉમરાવતી નદી---નાદોદના ડુંગરમાંથી નીકળીને નર્મદા નદીને મળેછે. ને દક્ષિણથી ઉત્તરે વહેછે. એનું બીજું નામ કાવેરી નદીછે.

મુખ્ય ખાડીઓ—ભુખી, એ ભરૂચ તથા વાગરા પરગણાંની વચ્ચેછે. ધંદ, એ અંકલેશ્વર પરગણાના કતપોર ગામની પાસેછે. આછોદ, ગોપાલી, રૂપારેલ, એ ખાડીઓ આમોદ પરગણામાં છે. અને વાગરા પરગણામાં ગુમલીઆ, શાખુ, ખારી વગેરે ખાડીઓ છે.

મુખ્ય બેટ—ધંતુરીઆ, તરીઆ, આલીઆ, કાશીઆ, ગોવાળી, ઝાડેશ્વર અને બોરભાઠા. એ બધા બેટ નર્મદા નદીને કાંઠે છે.

મુખ્ય અખાત—ખંભાતનો અખાત ભરૂચ જીલ્લાની પશ્ચિમે છે.

રેલવે સ્ટેશન—પાલેજ, ચમારગામ, ભરૂચ, અંકલેશ્વર અને પાનોલી છે

મુખ્ય બંદર—નર્મદાને કાંઠે-ભરૂચ. મહી નદીને કાંઠે-દેગામ, ઢાઢર નદીને કાંઠે-ટંકારીઆ, દરીઆ કીનારે-દેહેજ-આગગાડી થવાથી બધા બંદરનો વેપાર નબળો પડી ગયો છે.

દવાખાના—ભરૂચ, અંકલેશ્વર, હાંસોટ, ઇલાવ, જંબુસર, આમોદ અને વાગરામાં છે.

જાત્રાની જગ્યા—ભરૂચ પરગણામાં—સુકલતીર્થ તવરા અને ભાડભુત-અંકલેશ્વર પરગણામાં—સજોદ અને વાગરા પરગણામાં લખી ગામ લુવારા.

જોવા લાયક જગાઓ—સુકલતીર્થ પાસે કબીર વડ અને ગુમાનદેવનું દેરૂં. ગધારનું તળાવ તથા બોંયરૂં. ભરૂચનું સ્ટેશન તથા નર્મદા નદીનો પુલ. કાવીમાં સાસુ વહુના દેરાં.

મુખ્ય ગામ—ભરૂચ, અંકલેશ્વર, હાંસોટ, ઇલાવ, કતપોર, સજોદ, જંબુસર, આમોદ, વાગરા, દેહેજ, કાવી, સારોદ, અમલેશ્વર, ગજેરા, ટંકારીઆ, કેરવાડા વગેરે.

મુખ્ય અધીકારી—કલેકટર, આસીસ્ટંટ કલેકટર, આસીસ્ટંટ જડજ, ડેપ્યુટીકલેકટરો, પોલીસસુપરીન્ટેન્ડન્ટ, પોલીસઇન્સ્પેકટર, આબકારીઇન્સ્પેકટર, ઇજિનિયર, મામલતદાર, મુનસફ, સબરજીસ્ટ્રાર વગેરે.

કારખાનાં—ભરૂચમાં દશ જીન, પાંચ પાકી ગાંસડ

બાંધવાના પ્રેસ અને ત્રણ કાપડ વણવાનાં કારખાનાં છે. પાલેજમાં ૯ કપાસ પીલવાનાં જીન તથા પ્રેસ અને મીઆગામ, સમની, અંકલેશ્વર, ચમારગામ, જંબુસર વગેરે ઠેકાણે પણ જીન છે.

મ્યુનિસિપાલિટિ—ભરૂચ, અંકલેશ્વર, હાંસોટ, આમોદ અને જંબુસરમાં છે.

ભરૂચ પરગણુ

સીમા—ઉત્તરમાં ભુખીખાડી તથા પેલી તરફ આમોદ ને વાગરા પરગણું. દક્ષીણમાં નર્મદા નદી તથા પેલી તરફ અંકલેશ્વર પરગણું, પૂર્વમાં ગાયકવાડી વડોદરા સસ્થાન અને પશ્ચીમે ખંભાતનો અખાત છે.

ગામ તથા વસ્તી—એ પરગણામાં ૧૦૪ ગામને ૬ મોવાડાં છે તેમાં ભરૂચ શેહેરની વસ્તી બાદ કરતાં (૭૩૨૮૦) માણસની વસ્તી છે.

મુખ્યનદી—નર્મદા એ સાતપુડા પર્વતમાંથી નીકલીને ખભાતના અખાતને મળેછે.

મુખ્ય ખાડી—ભુખી ખાડી, એ ભરૂચ તથા વાગરા પરંગણાની વચ્ચેછે.

મુખ્ય શેહેર—ભરૂચ, નર્મદા નદીને કાંઠે છે. આ શેહેરમાં દેશાવરનો પેહેલાં વેપાર ઘણો સારો ચાલતો હતો પણ આગગાડી થયા પછી નરમો પડી ગયો છે.

રેલવે સ્ટેશન—ભરૂચ, ચમારગામ અને પાલેજ

મુખ્ય બેટ—દંતુરીઆ, આલીઆ, કાશીઆ, તરીઆ, ગોવાલી, ઝાડેશ્વર અને બૌરભાઠા.

જાત્રાની જગા—**સુકલતીર્થ** એમાં દર વરશે કારતક સુદ પુનેમે જાતરા ભરાય છે; **તવરા**, એમાં દર ઓગણીસ વરશે બે વઇશાખ આવે ત્યારે, **ભાડભુત**, એમાં દર અરાડ વરશે બે ભાદરવા આવે ત્યારે જાત્રા ભરાય છે. **ગુમાનદેવ** એમાં હરમાનનું દેરૂં છે.

જોવા લાયક મકાન—ભરૂચમાં જુમામસીદ. સુકલતીર્થની પાસે કબીર નામે વડ, ને નાંદોદના રાજમાં ગુમાનદેવનું દેરૂ અને ભરૂચમાં નરમદા નદીનો પુલ મજબુત તેમ જોવા લાયક છે.

ઇનામી ગામો—મંગલેશ્વર, થામ, વેરપાડા. ઉમરાજ, અને ઝનોર (ત્યાંના ઠાકોરને રોકડ મળે છે) ભુવા, અને અલાર.

મુખ્ય ગામ—ભરૂચ, નર્મદા નદીને કીનારે છે એમાં આશરે ૩૮૦૦૦ માણસની વસ્તી છે. તેમાં વાણીઆ, બ્રાહ્મણ, ક્ષત્રી, પારસી, મુસલમાન, વગેરે જાતના લોક વસે છે. તથા સુધરાઇ ખાતું છે. અને શુકલતીર્થ. ઝ ડેશવર, નીકોરા, અમલેશ્વર, શાહાબાદ, પારખેજ, ટંકારીઆ, ઝનોર, તવરા, પાદરીઆ, શીતપોણ વગેરે.

મુખ્ય અધિકારી—કલેકટર, આસીસ્ટંટ કલેકટર, ડેપ્યુટી કલેકટરો, મામલતદાર, ફોજદાર, સદરઅમીન, ડાકટર, સ્માલકાજ કોરટના જડજ વીગેરે છે.

રૂનાં કારખાનાં—૧૦ કપાશ પીલવાનાં, પાંચ રૂની પાકી ગાંસડી બાંધવાનાં, ત્રણ સુતર વણવાનાં. તે બધાં વરાળથી ચાલેછે. પાલેજને ચમારગામમાં પણ કપાસ પીલવાનાં કારખાનાં છે.

મુખ્ય પેદાશ—કપાશ, જુવાર, ઘઉં, બાજરી, તુવેર, ચણા, કઠોળ અને થોડી શેરડી તથા કસુંબાના ફુલની છે.

અંકલેશ્વર પરગણુ

સીમા—ઉત્તરે નર્મદા નદી અને તેની પેલીમેર ભરૂચ પરગણું; દક્ષિણે કીમ નદી અને તેની પેલીમેર સુરત જીલ્લાનું ઓરપાડ પરગણું; પૂર્વે રાજપીપલા અથવા નાંદોદનું સંસ્થાન અને પશ્ચિમે ખંભાતનો અખાત છે.

ગામ તથા વસ્તી—(૮૯) ગામ ને એક મેવાડો છે તથા (૬૫૦૫૪) માણસની વસ્તી છે.

મુખ્ય નદીઓ—નર્મદા, કીમ અને ઉમરાવતી.

મુખ્ય ખાડી—વંદ.

સ્ટેશન—અંકલેશ્વર અને પાનોલી.

દવાખાનાં—અંકલેશ્વર, હાંસોટ, ને ઈલાવમાં છે.

જાત્રાનાં ઠેકાણાં—સજોદ, અને જળકુંડ.

મુખ્ય ગામ—૧ અંકલેશ્વર, તેમાં (૯૫૩૫) માણસની વસ્તી છે તથા સુધરાઈ ખાતું તથા દવાખનું છે. હાંસોટ એ મોટા કસ્બો છે એમાં ૪૨૭૫ માણસની વસ્તી છે. ઇલાવ, કતપુર, સજોદ, દીવા, સાંસોદરા ને માંડવા, ગુજર્ગ શજોદ એ મોટાં ગામો છે.

ઈનામી ગામ—દભોલ, ફટીઆદરા, અંબોલી.

મુખ્ય અધિકારી—મામલતદાર, મુનસફ, ફોજદાર, ડાક્તર, અને હાંસોટમાં એક મહાલકરી રહે છે.

મુખ્ય પેદાસ—કપાસ, જુવાર, ઘઉં, બાજરી, તુવેર, વાલ, કઠોલ, અને હાંસોટમાં ઘઉં.

વાગરા પરગણુ

સીમા—ઉત્તરે ઢાઢર નદી અને આમોદ પરગણું અને તેની પેલી તરફ જંબુસર પરગણું. દક્ષીણે ભુખી ખાડી અને તેની પેલીતરફ ભરૂચ પરગણું. પુર્વે ભરૂચ તથા આમોદ પરગણું અને પશ્ચિમે ખંભાતનો અખાત છે.

ગામ તથા વસ્તી—૬૯ ગામ તથા ૩૩૯૦૨ માણુસની વસ્તી છે.

મુખ્ય નદી—નદી એકે નથી. પણ ભૂખી નામે એક ખાડીછે.

મુખ્ય બંદર—દેહેજ.

જાત્રાની જગાઓ—લખીગામમાં લક્ષમણ લોટેશ્વરનાં દેરાં છે ત્યાં અશાડ સુદ ૧૧ ને દિવસે મેળો ભરાય છે. ને તે આખા ભરૂચ જીલ્લામાં પ્રખ્યાત છે. ગંધારમાં જોવા લાયક જુની મુરતીઓ છે.

ઠાકોરનાં ગામ—દેહેજ, જણીઆદરામાં ઠાકોરના વાંટા છે. ક્લમ ગામ ભરૂચના દેસાઇ કલ્યાણરાયજી હકુમતરાયજીનું ઇનામીછે.

મુખ્ય ગામ—દેહેજ, લખીગામ, ગંધાર, ને વીલાયત આ સીવાય પખાજણ, રહીયાદ, કલાદ્રા, કડોદરા, અંભેટા, કેશવાણુ વગેરે.

મુખ્ય અધિકારી—મામલતદાર, મુનસફ. ફોજદાર.

મુખ્ય પેદાશ—કપાસ, જુવાર, ઘઊં. તુવેર, કઠોળ, તેમાં દેહેજના વાલ ભરૂચ જીલ્લામાં વખણાય છે.

વાગરાના પશ્ચિમ ભાગને દેહેજબારા અથવા બારા કહે છે. ત્યાં જમીન રેતાલ ને ખારવાળી છે. ત્યાં ઉનાળામાં પાણીની તંગાસ ઘણી પડે છે.

આમોદ પરગણું

સીમા—ઉત્તરે ઢાઢર નદી, પેલી તરફ જંબુસર પરગણું, દક્ષીણે ભરૂચ તથા વાગરા પરગણું, પુર્વે ગાયકવાડી વડોદરા સંસ્થાન. અને પશ્ચિમે વાગરા પરગણું ને પેલીમેર દરીઆ છે.

ગામ તથા વસ્તી—૪૭ ગામ તથા ૩૫૬૪૧ માણસની વસ્તી છે.

મુખ્ય નદી—ઢાઢર એ ઉત્તરે છે.

મુખ્ય ખાડીઓ—આછોદ, ગોપાલ, રૂપારેલ, મોતા વીગેરે.

ઠાકોરનાં ગામ—આમોદ, કેરવાડા, અને ઇખર.

મુખ્ય ગામ--આમોદ ઢાઢર નદી ઉપર છે એમાં ૫૮૮૨ માણસની વસ્તી છે ને વાણીઆ, બ્રાહ્મણ, ક્ષત્રી, વીગેરે લોકો વસેછે રોજા, ટંકારીયા, ઇખર, સરભોણ મોટાં ગામ છે. આ શીવાય કેરવાડા, બુવા. સમની, ઇખર, અને માતર (એ વાગરા તાલુકાની હદમાં આવેલું છે.)

મુખ્ય અધીકારી—મામલતદાર અને ફોજદાર.

મુખ્ય પેદાસ—કપાસ, જુવાર, ઘઊં, બાજરીની છે.

જંબુસર પરગણુ

સીમા—ઉત્તરે મહી નદી, અને પેલીમેર બોરસદ પરગણું દક્ષીણે ઢાઢર નદી, અને પેલીમેર આમોદ પરગણું પુર્વે ગાયકવાડી વડોદરા સંસ્થાન અને પશ્ચિમે ખંભાતનું અખાત છે.

ગામ તથા વસ્તી—૮૨ ગામ તથા ૭૭૭૭૨ માણસની વસ્તીછે.

મુખ્ય નદીઓ—૧ મહી નદી ઉત્તરેછે, ૨ ઢાઢર દક્ષિણમાંછે.

વેપારનાં બંદર—ટંકારીઆ, ઢાઢર નદીના બારા પર છે. અને દેગામ મહી નદીના બારા ઉપર છે.

જોવા લાયક જગા—કાવીમાં સાસુ વહુના દેરાં છે.

ઠાકોરનાં ગાંમ—સારોદ, જંત્રાણ, અને શીગમણ.

મુખ્ય ગાંમ—જંબુસર, ઢાઢર નદીથી ત્રણ ગાઉ ઉપર છે. એમાં ૧૧૪૭૯ માણસની વસ્તી છે. ને વાણીઆ, બ્રાહ્મણ, મુસલમાન, કાછીઆ વીગેરે લોકોની વસ્તી છે. એમાં દવાખાનું અને સુધરાઇ ખાતું છે. કાવી, ગજેરા, સારોદ, ને વેડચ એ મોટાં ગામ છે. આ સીવાય ટંકારીઆ, દેગામ, જંત્રાણ, નોધણા, હણખી. કારેલી વગેરે છે.

મુખ્ય અધિકારી—મામલતદાર, મુનસફ, ફોજદાર વીગેરે, તેમાં મુનસફ આમોદ પરગણાના થોડા ગામના દીવાની કામ ચુકવેછે.

મુખ્ય પૈદાસ—કપાસ, જુવાર, બાજરી, ને ગળીની છે. કપાસ પીલવાનાં ૪ કારખાનાં જંબુસરમાં છે.

મુખ્ય સવાલ.

૧ ભરૂચ જીલ્લામા અથવા તેને લગતી કયા કયા રાજની સરહદે લગેલીછે? **જવાબ**—નદોદ, વડોદરા અને ખંભાતની.

૨ ભરૂચ જીલ્લામાં કોનું રાજ્ય છે, ને તે રાજા કોણછે, ને ક્યાં રહે છે. તેમણે રઈયતના બંદોબસ્તને માટે સરકારી નોકરોની કેવી ગોઠવણ કરી છે? **જવાબ**—અંગ્રેજ સરકાર (મહારાણી વિક્ટોરીઆ)નું છે તે ઇગ્લંડમાં રહેછે. વગેરે.

૩ રાજપીપલા તે શું છે.—નાંદોદના રાજને રાજપીપલાનું રાજ

કેમ કહેછે ? જવાબ—ડુંગર છે. તેનાપરથી એ રાજનું નામ પાડ્યું છે.

૪ કીમ નદીથી છેક મહી નદી સુધી જઇએ તો વચમાં કઇ કઇ ખાડીઓ અથવા નદીઓ ઓળંગવી પડશે ને વચમાં કયા કયા તાલુકા આવી જશે ? જવાબ—વંદ, ભુખી, આછોદ ખાડી-અને ભરૂચ આમોદ અને જંબુસર પરગણાં આવેછે.

૫ વાગરા તાલુકાની પશ્ચીમમાં ખભાતનો અખાત છે. તો તેની પશ્ચીમમાં કોઇ દેશ હશે કે નહી ? જવાબ—કાઠીઆવાડ છે.

૬ હાંસોટથી ગાડીએ બેશી લખીગામ જવાય કે નહી ? ને કાવીથી ખભાત જળમાર્ગે શી રીતે જવાય ? જવાબ—ના (૨)હોડીમાં.

૭ અખાત તે શું હશે, ને તેનું પાણી ખેતીના કામમાં લેવાય કે નહીં. ને લેતો શી અડચણ પડે ? જવાબ—જુઓ વ્યાખ્યા. ખારા પાણીથી પાક બળી જાય.

૮ શુકલતીર્થથી ગંધાર કઈ દીશાએ છે ? કાવીથી માંડવા કઇ દીશાએ, અને હાંસોટથી પાનોલી કઇ દીશાએ છે ?
જ.—(૧) વાવ્યખૂણામાં. (૨) અગ્નિખૂણામાં. (૩) અગ્નિખૂણામાં.

૯ નર્મદા, ઉમરાવની, ઢાઢર, કીમ, એ નદીઓનાં પાણી કઈ દીશાએ વહેછે? જવાબ—પશ્ચિમ દિશામાં વહેછે.

૧૦ જંબુસરથી સડકે થઇને ભરૂચ આવવું હોય તો કયાં કયાં મોટાંગામ રસ્તામાં આવે ને તે ગામ કયા તાલુકાનાં છે? નકશામાં જુઓ.

૧૧ નાનાં ગામડાંઓમાં મારા મારી વીગેરે થાય તો લોકો કોની પાસે ફરીઆદ કરવા જાય છે ? જવાબ—પોલીસ પટેલ પાસે.

૧૨ દરેક ગામ સરકારનાં છે, પણ સરકારને તેની ઉપજ કેવી રીતની છે? કલેકટર, મામલતદાર, મુનસફ, જડજ, ફોજદાર, પોલીસ

પટેલ, વગેરે અધીકારીઓ કેહેવાય તે શું કામ કરતા હશે ? તે બરોબર સમજાવો ? જુઓ—વ્યાખ્યાઓમાં.

૧૩ બંદર તે શું ? ને રેલવે સ્ટેશન તે શું ? ને એ બેમાં તફાવત શો ? ગામડું, કશબો, શેહેર, તાલુકો કોને કહે છે. ? જવાબ—જુઓ વ્યાખ્યાઓમાં.

૧૪ જંબુસર તાલુકામાં ગામ તો ઘણાં છે તેવું એકજ જંબુસર છે તો તેને જંબુસર પ્રગણુ કેમ કહે છે ? કાવી અથવા ગજેરા પ્રગણું કેમ કહેતા નથી ? જવાબ—જુઓ વ્યાખ્યાઓમાં.

૧૫ ભરૂચ જીલ્લામાં પાંચ પરગણાં છે. પણ તેમાં જંબુસર જીલ્લો કે વાગરા જીલ્લો ન કહેવાતાં ભરૂચ જીલ્લો કેમ કહે છે ? જવાબ—જુઓ વ્યાખ્યામાં.

૧૬ ભરૂચ તાલુકાના કયાં ગામ નર્મદા નદીના દક્ષીણ ભાગમાં આવેલાં છે ? ને આમોદ પરગણાનું માતર ગામ વાગરા તાલુકાની હદમાં કેમ આવ્યું હશે ? જવાબ—માંડવા, દીવા, બાઠા વગેરે.

૧૭ આલીઆ બેટ ઘણો મોટો છે. ને તેમાં વસ્તી નથી તેનું કારણ શુ હશે ? જવાબ—રેલ આવેછે તેથી.

૧૮ આમોદ ને વાગરા તાલુકાની હદ નકશામાં રંગથી પુરી બનાવેલી છે પણ નકશામાં તો રંગ છે પણ તે જગાએ વાગરા તથા આમોદ તાલુકાની વચમાં હદ જુતારવાને કોટ ચણી લીધો હશે કે વાડ કરાવી હશે ? જવાબ—ખાડી છે. જુઓ વ્યાખ્યાઓ.

૧૯ ગાયકવાડ એ નામ રાજાનું છે કે હોદ્દો છે ? ને ગાયકવાડની રાજ ગાદી કયાં છે ? જવાબ—હોદ્દાનું. (૨) વડોદરામાં.

૨૦ ભરૂચ જીલ્લાના કોઇ ભાગને કાનમ, બારા, વાકળ, જે કહેછે

તે ભાગ કયા? **જવાબ**—આમોદ તાલુકાના પુર્વ ભાગને કાનમ કહેછે. જંબુસર પરગણાના ઈશાન ભાગને વાકળ કહેછે અને વાગરા તથા હાંસોટના પશ્ચિમ ભાગને બારાં કહેછે.

૨૧ શાહાબાદ, માંડવા, બુજર્ગ, તેને માટે વિશેષ શું સમજોછો.

૨૨ સુધરાઇ ખાતું તે શું કામ કરે ને ઘણુંકરીને તે ક્યાં હોયછે?

૨૩ જાત્રાનાં ઠેકાણું જે ભુગોળમાં બતાવ્યાંછે તે કયા કયા લોકનાંછે હિંદુનાં કયાં ને મુસલમાનનાં કયાં?

૨૪ પાલેજથી આગગાડીમાં બેશી કીમ ઉતરીએ તો વચમાં કયાં કયાં સ્ટેશન આવે? ચમાર ગામથી રેલવેમાં બેશી હાંસોટ જવું હોય તો કયે સ્ટેશને ઉતરીને ગાડાની સડકે જવાય?
જવાબ—પાલેજ, ચમારગામ, ભરૂચ, અંકલેશ્વર અને પાનોલી. (૨) અંકલેશ્વર ઉતરવું પડે.

૨૫ પાનોલીથી ગાડીએ બેસી ઉત્તરમાં જઇએ તો પ્રથમ ગુજરાતનો કયો જીલ્લો આવે ને કઈ મોટી નદી ઓળંગવી પડે? (૨) કીમથી દક્ષિણમાં જઇએ તો કયો જીલ્લો આવે? **જવાબ**—(૧) ખેડા જીલ્લો આવે. અને મહી નદી ઓળંગવી પડે. સુરત (૨) જીલ્લો આવે છે.

૨૬ મહી નદીની ઉત્તરમાં કયો તાલુકો આવ્યોછે? **જવાબ**—બોરસદ તાલુકો આવે છે.

૨૭ ભરૂચથી ખંભાત જળ માર્ગે જવું હોય તો કયાં થઇને જવાય ને શી રીતે? **જવાબ**—વહાણમાં બેસી **લખી**ગામ, ગંધાર અને કાવી આગળ થઇને જવાય.

૨૮ નદીઓ ડુંગરમાંથી એકદમ નીકળતી હશે કે શી રીતે? તેનું પાણી કયાંથી આવતું હશે? **જવાબ**—જુઓ વ્યાખ્યા.

૨૯ ડુંગર અને પર્વત, ઉપર ખેતી થાય કે નહીં? ને ડુંગર અને

પર્વતની પેદાસ સરકારને કંઈ થતી હશે કે નહીં ? **જવાબ**—ના.

૩૦ વાંટા, ઈનામી ગામ, ઠાકોર એ શબ્દોથી શું સમજોછો?

૩૧ ભુખી ખાડી કહેવાયછે પણ તેને ભુખી નદી કેમ કહેતા નથી ? ને ભુખી ખાડી ક્યાંથી નીકળેછે? વંદખાડી ક્યાંથી નીકળેછે? એ એ ખાડી દરીયાને મળેછે પણ બીજી કેટલીક દરીઆને મળતી નથી તે ખાડી કેમ કેહેવાયછે ? **જવાબ**—માટે જુઓ નકશો વગેરે.

૩૨ ખંભાત, નાંદોદ, વડોદરા, અને તમે જે ગામમાં રહોછો તેમા રાજ કયા રાજાનું છે ? **જવાબ**—ખંભાતમાં મુસલમાન નવાબનું-નાંદોદમાં રજપૂત રાજાનું-વડોદરામાં મરેઠા રાજાનું અને ભરૂચ ઝીલ્લામાં અગ્રેજ વીકટોરીયા મહારાણીનું રાજ્ય છે.

સમાપ્ત.

જાહેર ખબર.

છઠ્ઠા ધોરણની પરિક્ષાના.

ઉમેદવારો માટે—સને ૧૮૭૪ થી ૧૮૯૨ સુધીની ૧૪ વરસની (સેકંડ કલાસ) થર્ડ ગ્રેડ પ. સ. સર્ટીફીકેટ પરીક્ષાના **ગણિતના સવાલો**—જવાબ, રીત વગેરે ખુલાસા સહીત ગણી બતાવેલાં છે કીંમત રૂ. ૦-૩-૦, જથાબંધ પુષ્કળ કમીશન આપીશું.

હિંદુસ્તાનનો ઈતિહાસ—૪ થા ધોરણ માટે ઘણોજ સરસ. કી. રૂ. ૦-૨-૦

ભુગોળવિદ્યા—એશિયા, હિંદુસ્તાન, યુરોપ, આફ્રિકા, અમેરિકા અને આસ્ટ્રેલીઆ ખંડની ટુંક વિગત સાથે (ચોથા ધોરણના વિદ્યાર્થીઓને હિંદુસ્તાનની ભુગોળ ઘણી સેહેલાઈથી ટુંકા વખતમાં આ ચોપડીની મદદવડે શીખવી શકાયછે) કીંમત-રૂ ૦—૧—૯

" **અઘરા દાખલા** "—' રીત ખુલાસા સાથે ' - આ ચોપડીમાં જુદી જુદી અંગ્રેજી અને ગુજરાતી અંકગણિતોના અઘરામાં અઘરા દાખલા આગલા ભાગમાં આપેલા છે અને તે પછલા ભાગમાં સઘળા રીતસર કરી બતાવ્યા છે. ૧૮૭૪, ૧૮૮૫. ૧૮૮૭, અને ૧૮૯૧ વગેરે સાલની છઠ્ઠા ધોરણની તેમજ ત્રીજી અંગ્રેજી પરિક્ષાઓમાં આ ચોપડીમાંના દાખલા અપાયા હતા અને હવે પછી આવવાનો સંભવ છે. પાના ૨૧૪—કીંમત રૂ. ૦॥ હાલમાં લેનાર કનેથી રૂ. ૦ાઽ લેવામાં આવશે. (માસ્તરોને પોતાને માટે લેવા લાયકછે)

અમારી બુકડીપોમાંથી સઘળી જાતની ચોપડીઓ વેચાતી મળશે. અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત, ફારસી સ્કુલમાં ચાલતી ચોપડીઓ નકશા, કોપીબુક વગેરે વેચાતા મળશે. જથાબંધ લેનારને પુષ્કળ કમીશન આપીશું.

ઠે લલુભાઈના ચકલામાં. **પરભુદાસ નાગરદાસ ઝીનારીવાળા.**

અને

ભરૂચ. **છોટાલાલ બાપુભાઈ શાહ.**